# પત્રક ભાગ–૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## મંગળવાર, તા.૦૧/૦૯/૨૦૨૬

**૨૯૯. સત્રની બેઠકોની તારીખોમાં ફેરફાર થતાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા સભ્યશ્રીઓના નામનું બેલેટ કરવા માટેના કાર્યક્રમમાં ફેરફાર કરવા બાબત:–**

પંદરમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર માટે છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા સભ્યશ્રીઓના નામના બેલેટનો કાર્યક્રમ તા.૨૦/૦૮/૨૦૨૬ના રોજ પત્રક ભાગ–૨ના ક્રમાંક– ૨૯૭થી પ્રસિધ્ધ કરેલ કરેલ હતો, પરંતુ પંદરમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રની બેઠકોની તારીખોમાં ફેરફાર થયેલ હોઈ છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચા માટે શુક્રવાર, તા.૧૧/૦૯/૨૦૨૬નો દિવસ નક્કી થયો છે. આ દિવસે જે સભ્ય છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા હોય તે સભ્યશ્રીઓના નામનું બેલેટ **શનિવાર, તા.૦૫/૦૯/૨૦૨૬ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ગુજરાત વિધાનસભા સચિવાલયના ત્રીજા માળે, ઉપ સચિવ, શ્રીમતી નેહા કે. સુથારની ચેમ્બરમાં** યોજવામાં આવશે.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા દરેક સભ્યશ્રીએ આ સાથે રાખેલ નમૂનામાં જરૂરી વિગત ભરી પોતાની ઈચ્છાદર્શક સૂચના **બુધવાર, તા.૦૨/૦૯/૨૦૨૬ના રોજ સાંજના ૦૬–૦૦ વાગ્યા** સુધીમાં આ સચિવાલયની ટેબલ શાખાને મળી જાય તે રીતે મોકલવાની રહેશે. **તે પછી મળેલી સૂચનાઓ સ્વીકારી શકાશે નહીં.**

બેલેટમાં જે સભ્યશ્રીનું નામ આવે તેમણે તેમનો પ્રસ્તાવ **મંગળવાર, તા.૦૮/૦૯/૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યા** સુધીમાં આ સચિવાલયની ટેબલ શાખાને મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે. અગાઉ ઈચ્છાદર્શક સૂચના આપેલ હોય તો પુન:સૂચના આપવાની જરૂર રહેશે નહીં.

બેલેટ વખતે માનનીય સભ્યશ્રીઓ હાજર રહી શકશે.

તા.૨૦/૦૮/૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ કરેલ પત્રક ભાગ–૨, ક્રમાંક– ૨૯૭ તદ્નુસાર બાબત પુરતો સુધારેલ ગણાશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**